નવગુજરાત સમય, પાના નં. ૧૪, તા. ૧૨.૦૯.૨૦૨૪

# ટ્વીન સિટી મેટ્રો | અમદાવાદ અને ગાંધીનગરને જોડતી મેટ્રો ટ્રેન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાને સ્માર્ટ, સરળ અને ગતિશીલ બનાવશે






અમદાવાદના મોર્ડન પબ્લિક ટ્રાન્સપોર્ટ મેટ્રો ટ્રેનના બીજા ફેઝનો વડાપ્રધાન મોદી શુભારંભ કરાવવાના છે. આ તબક્કામાં અમદાવાદ અને ગાંધીનગર બે શહેરો મેટ્રોથી જોડાશે, જેના કારણે અમદાવાદથી કામ અર્થે ગાંધીનગર જનારા ઓછા ખર્ચમાં ઝડપી અંતર કાપી વહેલા પહોંચી શકશે.

### માત્ર ₹35માં APMC (વાસણા)થી ગાંધીનગર સેક્ટર-1 સુધીનું 33.5 કિ.મી અંતર 65 મિનિટમાં કાપી શકાશે

# વડાપ્રધાન મોદીના હસ્તે 16મીએ ગાંધીનગર સુધીના મેટ્રોના બીજા ફેઝનો શુભારંભ કરાશે

**મેટ્રો ફેઝ-2 નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-1 સુધી કનેક્ટ થશે, ફેઝ-2નો એક કોરિડોર ગિફ્ટ સિટી**

**નવગુજરાત સમય > ગાંધીનગર**

અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે GNLU, PDEU, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-1 જેવા વિસ્તારોને આવરી લેતા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો 16મી સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ કરાશે. આ બીજા ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે.

### મેટ્રોનો બીજો ફેઝ 21 કિલોમીટરનો રૂટ છે, જેનો ખર્ચ ₹ 5384 કરોડ છે

- મેટ્રોના બીજા ફેઝનો રૂટ 21 કિ.મીનો છે, જે મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-1ને જોડશે.
- મેટ્રોના ફેઝ-2 પ્રોજેક્ટનો કુલ ખર્ચ 5384 કરોડ છે, જેમાં AFD અને KfW જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફંડિંગ લેવામાં આવ્યું છે.
- મેટ્રોને લીધે વાહનોમાંથી થતા ઉત્સર્જનમાં ઘટાડો થશે. શહેરોમાં થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે, મેટ્રોનું આ વિસ્તરણ પર્યાવરણ અને આર્થિક વિકાસ માટે મહત્વનું બનશે.
- મેટ્રોના નવા સ્ટેશન શરૂ થવાથી, ગિફ્ટ સિટી-ઇન્ફોસિટી જેવા વ્યાવસાયિક કેન્દ્રોના વિસ્તરણથી, વ્યવસાયિકો અને કર્મચારીઓને ઝડપી અને સુવિધાસભર પરિવહન સેવા મળશે.
- મેટ્રો રેલના વિસ્તરણથી નવા સ્ટેશન્સની આસપાસ રિયલ એસ્ટેટને પણ પ્રોત્સાહન મળશે, કનેક્ટિવિટીમાં સુધારો થવાથી વ્યવસાયિક અને રહેણાક એકમોની માગ ઉભી થશે.
- રોકાણની નવી તકો પેદા થશે, વાજબી પરિવહન વિકલ્પ શહેરને મળવાથી, મેટ્રો રેલ જીવનની ગુણવત્તાને વધારવામાં મહત્વની ભૂમિકા નિભાવશે.

આ ફેઝ 21 કિ.મી.નો છે, જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર 16, સેક્ટર 24 અને મહાત્મા મંદિર સુધી જશે. મેટ્રો રેલવેનો આ બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાથી લોકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે. સરકાર માને છે કે આગામી સમયમાં ગુજરાતમાં મજબૂત પરિવહન નેટવર્ક બનાવવાની દિશામાં મેટ્રોનું વિસ્તરણ માત્ર શરૂઆત છે. આગામી સમયમાં મેટ્રોના વ્યાપક વિસ્તરણની કામગીરી અત્યારે પ્રક્રિયામાં છે. જેનાથી એક એવી ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ બનશે.

સમયાંતરે ટ્રાફિકમાં થતાં વધારા અને મોંઘા પરિહવન સામે મેટ્રો એક વાજબી અને વિશ્વસનીય પરિવહન વિકલ્પ બની રહશે. ઉદાહરણરુપે APMC(વાસણા)થી ગાંધીનગર સેક્ટર-1 સુધીની 33.5 કિ.મીની મેટ્રો યાત્રા માત્ર 65 મિનિટમાં પૂર્ણ થાય છે. જેનું ભાડું ખર્ચ માત્ર રૂ. 35 રહેશે. તેની સરખામણીએ ટેક્સીથી આ મુસાફરીનો સમય 80 મિનિટ અને ભાડું રૂ. 415થી પણ વધુ થાય છે. રિક્શામાં આ ભાડું 375 થવા જાય છે, જેમાં સમય મેટ્રોની આસપાસ અને તેનાથી વધારે રહે છે.